ગુજરાતમાં આવું જ ચાલ્યું તો...!!!

જગદીશ ઠાકોરે ભાજપને આડે હાથ લીધી, પેપર ફોડનારને નહીં છોડીએ : જગદીશ ઠાકોર

મોડાસા તા.૩૦

વિધાનસભાની ચૂંટણીને લઈને અરવલ્લી જિલ્લામાં બીજા તબક્કામાં મતદાન થવાનું છે ત્યારે રાજકીય પાર્ટીઓ દ્વારા એડીચોટીનું જોર લગાવાઈ રહ્યું છે. બાયડ, મોડાસા અને ભિલોડા બેઠક પર ભાજપે દિગ્ગજ નેતાઓમે મેદાને ઉતારી દીધા છે તો હવે મોડે મોડ કૉંગ્રેસ પાર્ટી દ્વારા દિગ્ગજ નેતાઓને ચૂંટણી પ્રચારમાં ઉતાર્યા છે. આ વખતે બાયડ વિધાનસભા બેઠક પર સૌની નજર છે ત્યારે કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની વિજય વિશ્વાસ સંમેલન માલપુર ખાતે યોજાયું હતું, જેમાં કૉંગ્રેસના આગેવાનો તેમજ માલપુર તાલુકાના લોકો ઉપસ્થિત રહ્યા હતા. માલપુરના રાજેરા તળાવ નજીક જાહેર સભા યોજાઈ હતી જેમાં ભારતીય કૉંગ્રસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષમાં કંઈ જ ન કર્યું હોવાનું જણાવ્યું હતું. કેરલથી આવેલા ગુજરાત કૉંગ્રેસ સ્ક્રિનિંગ કમિટીના ચેરમેન રમેશચેન્ની થલ્લા એ ગુજરાત મૉડલ માત્ર વાતો હોવાનું જણાવ્યું હતું, આ સાથે જ વિજય રૂપાણીને કેમ હટાવી દેવામાં આવ્યા તેના પર સવાલો ઉઠાવ્યા હતા. કૉરોનામાં મૃતકોના પરિવારજનોને કૉંગ્રેસ પાર્ટીએ રૂપિયા ચાર લાખની સહાયની વાત કરી હતી. આ સાથે હાલમાં મોરબીમાં પુલ તુટી પડવાની ઘડનાને લઈને હજુ કોઈ જ કાર્યવાહી ન કરાઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, મોટા માથાઓને ભાજપ છાવરી રહી છે. પ્રાસંગિક પ્રવચનમાં જગદીશ ઠાકોરે ભાજપા પર આકરા પ્રહારો કર્યા હતા. ચૂંટણીઓ આવે ત્યારે રાજકીય પક્ષો ચૂંટણી ઢંઢેરો લાવતી હોય છે ત્યારે કૉંગ્રેસ પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ઢંઢેરામાં ત્રણ લાખ સુધીનું દેવું માફ કરવાની વાત કરી હતી, આ સાથે જ પશુપાલકોને એક લિટર દૂધ પર ૫ રૂપિયા સુધીની સબસિડીની પણ વાત કરી હતી. આ સાથે જ અંતરિયાળ વિસ્તારોમાં ત્રણ હજાર જેટલી અંગ્રેજી માધ્યમની શાળાઓ બનાવવા સહિત કન્યા કેળવણી નિઃશુલ્ક કરવાની જગદીશ ઠાકોરે વાત કરી હતી. આ સાથે જ વિરોધીઓ પર પ્રહાર કરતા ભરતી કૌભાંડ અને પેપર લીક થવાની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો. પરિવારજનો તેમના બાળકો માટે પેટે પાંટા બાંધી દીકરા દીકરીઓને સરકારી નોકરી માટે ભારે જહેમત ઉઠાવતા હોય છે પણ પેપર ફૂટી જવાથી લોકોમાં રોષ છે.આ સાથે જ માલપુરમાં પૉલિસ ભરતી માટે ગ્રાઉન્ડ અને લાયબ્રેરી બનાવવાની વાત કરી હતી. તેમણે આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, ભાજપ ની મનમાનીથી હવે લોકો કંટાળી ગયા છે અને તેમના જુલ્મથી તમામ લોકો હેરાન થઈ છે. ભાજપ પાસે નાગાઈ કરવા સિવાય કંઈ જ ન હોવાના આકરા પ્રહારો કરતા જણાવ્યું કે, હવે ગુજરાતમાં પરિવર્તન નો પવન ફૂંકાયો છે. તેમણે એમ પણ જણાવ્યું કે, ગુજરાત ગુલામીમાં ધસાઈ જશે.

ઈડર-વડાલી તાલુકાનાં ગામડાં કમળમય બન્યાં

ઈડર વિધાનસભાના ચૂંટણી જંગમાં ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાને તમામ સમાજનું સમર્થન

મતદારોનો પ્રેમ જોતાં સર્વાધિક મતે વિજયી બનશે : ભાજપના કાર્યકરોએ ડોર ટુ ડોર પ્રચાર કાર્ય આરંભ્યું

બાયડ, તા.૩૦

ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં આવતા ઈડર અને વડાલી તાલુકાના ગામડાઓ રીતસરના કમળમય બન્યા છે. મતદાનની તારીખ નજીક આવતાં ભાજપના કાર્યકરોએ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર પ્રચાર કાર્ય આરંભતાં ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાને પ્રચંડ જનસમર્થન મળતું હોવાના દ્રશ્યો તમામ વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે. મતદારોનો પ્રેમ જોતાં સમગ્ર જિલ્લામાં ઈડર વિધાનસભા બેઠક ઉપર ભાજપ સર્વાધિક મતે વિજયી બનશે તેમ કાર્યકરોએ જણાવ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની ૪ વિધાનસભા બેઠકો ઉપર ભાજપ, કૉંગ્રેસ અને આમઆદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે ત્રિ-પાંખીયો જંગ જામ્યો છે. જિલ્લાના અનેક વિસ્ધાનસભા મતક્ષેત્રમાં ચૂંટણીનું પ્રચાર કાર્ય ફિક્કું છે. પરંતુ ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં ચારેય દીશાઓમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં અનેક સમાજ ખુલ્લેઆમ સામે આવ્યો છે અને આ વિસ્તારમાં રમણલાલ વોરાના કામ બોલે છે. પાછલા ૫ વર્ષ દરમ્યાન તેમની ખોટનો અમે અનુભવ કર્યો છે તેમ જણાવી ઈડર વિધાનસભા મતક્ષેત્રનું કમળ ગાંધીનગરની ગાદીએ પહોંચશે તેમ યુવા, મહિલા અને બુઝર્ગ મતદારો જણાવી રહ્યા છે. જે રીતે ગામે ગામ ભાજપના ઉમેદવારને પ્રચંડ જનસમર્થન મળ્યું છે તેને લઈને વિપક્ષો અને વિરોધીઓએ અપપ્રચારનો આશરો લીધો છે પરંતુ પ્રજા અને મતદારો બધું જાણી ગયા છે. આ સંજોગોમાં ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપનું કમળ સંપૂર્ણ બહુમતીથી ખીલશે તેમ કાર્યકરો જણાવી રહ્યા છે. ગત રોજ ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાએ નવાપાનોલ, પાનોલ, દલજીતપુરા, ગઢીયાવસાહત, મસ્તુપુરા, દિયોલી, ભૂતિયા, વડીયાવીર, ભાણપુર, અબડાસણ, રડોદરા, ધોળીયા, ચોટાસણકંપા, ગોરલ, લક્ષ્મણગઢ, ચોટાસણ, ચોરીવાડ અને કડીયાદરા વિસ્તારનો પ્રવાસ કર્યો હતો જ્યાં મતદારોએ રમણલાલ વોરાનું ભારે ઉત્સાહ સાથે સ્વાગત કર્યું હતું અને ગામમાં રહેતા તમામ લોકો તેમની પ્રચાર સભામાં સ્વયંભૂ ઉમટ્યા હતા.

અવસાન નોંધ

હરસોલા વણિક સમાજના અગ્રણી અને હરસોલ ના વતની વિમલ ભાઈ અને શૈલેષ ભાઈના માતુશ્રી શ્રીમતી ઇન્દુ બેન ચીનુભાઈ શાહનુ અવસાન થયું છે

પાલનપુરના ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરના મધ્યસ્થ પ્રચાર કાર્યાલયની મુલાકાતે મુખ્યમંત્રી

પાલનપુર તા.૩૦

બનાસકાંઠા જિલ્લાના પાટનગર પાલનપુર એ ભાજપનો ગઢ ગણાતો હતો. પરંતુ છેલ્લી બેટમથી અહીંયા કૉંગ્રેસના ધારાસભ્ય તરીકે મહેશ પટેલ ચૂંટાય છે. ત્યારે આ વખતે લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાલનપુર પધાર્યા ત્યારે પાલનપુર વાસીઓને બનાસકાંઠાના મતદારોને ૨૦૧૭ નું પુનરાવર્તન ન કરી પરિવર્તન લાવવા આ હવન કર્યું હતું. તેના ભાગરૂપે પાલનપુર ખાતે ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય બસપોર્ટ પાલનપુર ખાતે આજે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઉડતી મુલાકાત કરી હતી. નિર્ધારીત સમય કરતા અંદાજે ૧:૩૦ કલાક લેટ આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે, પાલનપુર ની બેઠકના આપણા ઉમેદવાર અનિકેત ઠાકરને મતદારોના ઘર ઘર સુધી પહોંચી વડાપ્રધાન અાપણા લોકલાડીલા નરેન્દ્રભાઈ મોદી અને આપણી રાજ્ય સરકાર ના લોક સેવાના અને વિકાસના કાર્યોની વાતોને લોકો સુધી પહોંચાડી ચૂંટણીમાં ભવ્ય વિજય અપાવવા અપીલ કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પાલનપુર વિધાનસભા સીટ અને પાટણ વિધાનસભા સીટ ઉપર આ વખતે કેસરિયો લહેરાવવા તમામ પ્રકારની જહેમત ઉઠાવવા અને કૉંગ્રેસનો કબજો આ બંને બેઠકો ઉપરથી હટાવવા કાર્યકર્તાઓને રાત દિવસ જોયા વગર કામે લાગી જવા ભારપૂર્વક અપીલ કરી હતી.

મતદાન જાગૃતિ માટેનો પ્રયાસ - અરવલ્લીમાં કોફી વિથ કલેક્ટર કાર્યક્રમ યોજાયો

મતદાનને લગતી રમતોનું આયોજન

બાયડ, તા.૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં મતદારોના નિરસ વલણથી મતદાન ઘટવાના રિપોર્ટથી ચોંકી ઉઠેલા ચૂંટણીપંચે તમામ જિલ્લાઓમાં ૭૦ ટકાથી વધુ મતદાન થાય તેવા પ્રયાસો કરવા આદેશ કર્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં મતદાન જાગૃતિ માટે કોફી વિથ કલેક્ટર કાર્યક્રમનું આયોજન મોડાસા ખાતે દાદા-દાદીના વિસામામાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સિનિયર સિટીઝન ઉપરાંત પ્રથમ વખત મતદાન કરવા જઈ રહેલા મતદારોને મતદાન અંગેની જાણકારી આપી મતદાનને લગતી રમતો રમાડ્યા પછી ઈનામ આપવામાં આવ્યા હતા.

જિલ્લામાં ચૂંટણીપંચના આદેશ મુજબ મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. વધુ મતદાન થાય તે માટે સામાજીક સંસ્થાઓની પહેલ સાથે જિલ્લાનું વહીવટી તંત્ર પણ વધુ સતર્ક બન્યું છે અને મતદાન અંગેની મતદારોને વધુમાં વધુ જાણકારી આપવાના પ્રયાસના ભાગરુપે જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ મોડાસામાં કોફી વિથ કલેક્ટરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને સમાહર્તા ડૉ.નરેન્દ્રકુમાર મીણા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. મતદારોના સૂચન અને તેમની મુશ્કેલીઓ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. મતદાન જાગૃતિ માટેના આ ખાસ કાર્યક્રમમાં શરુઆતમાં મતદારોને મતદાનને

લગતી વિવિધ રમતો રમાડવામાં આવી હતી જેમાં વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કોફી વિથ કલેક્ટરના કાર્યક્રમમાં સિનિયર સિટીઝન સાથે પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરનાર મતદારો ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં જોડાયા હતા.

ધાનેરા ખાતે ભાજપના સમર્થનમાં પ્રજાપતિ સમાજનું સંમેલન યોજાયું

ધાનેરા તા. ૨૯

બનાસકાંઠા ની ધાનેરા ૯- વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ભગવાનભાઈ પટેલ ને વિજયી અપાવવા વિવિધ સમાજો દ્વારા ખુલ્લું સમર્થન આપવામાં આવી રહ્યું છે. જેમાં ધાનેરા ખાતે કારગીલ હોટલ સામે રાજ્ય સભાના સાંસદ દિનેશભાઈ અનાવાડીયાની અધ્યક્ષતામાં ભાજપના સમર્થન માં પ્રજાપતિ સમાજનું સંમેલન યોજાયું હતું . જેમાં ધાનેરા શહેર અને તાલુકા માંથી મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના આગેવાનો યુવાનો મહિલાઓ ઉપસ્થિત રહી ભાજપના ઉમેદવાર ભગવાનભાઈ પટેલ ને વિજયી અપાવવા કટ્ટીબદ્ધતા દાખવી હતી.આ સંમેલન પ્રસંગે જિલ્લા ભાજપ પૂર્વ ઉપપ્રમુખ વસંતભાઈ પુરોહિત, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જગદીશભાઈ પટેલ, હરજીભાઈ પટેલ, પન્નાલાલ પ્રજાપતિ,એડવોકેટ દેવાભાઈ કે. પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનો યુવાનો મહિલાઓ ઉપસ્થિત રહેલ.

ધાનેરા વિધાનસભા વિસ્તારના ગામોમાં ભાજપને વિજય અપાવવા મહિલા મોરચાનો ડોર ટુ ડોર પ્રચાર...

ધાનેરા તા.૩૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નો રંગ બરોબર જામ્યો છે. ત્યારે ઉમેદવારો સાથે તેમના સમર્થકો પણ પ્રચાર કર્યોમાં જોડાયા છે અને ડોર ટુ ડોર પ્રચાર થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠાની ધાનેરા ૯ - વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ભગવાનભાઈ પટેલ ને વિજયી અપાવવા તેમના સમર્થકો પ્રચાર પ્રસાર તેજ બનતો જાય છે .ત્યારે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ આશાબેન પટેલ, પુર્વ મંત્રીના સુપુત્રી પ્રિતીબેન પટેલ, ડૉ. જ્યોતિબેન પટેલ સહિત મહિલા મોરચાની બહેનો એ ભાજપના ઉમેદવાર ભગવાનભાઈ ને વિજયી અપાવવા ધાનેરા વિધાનસભાના ગામોમાં ડોર ટુ ડોર પ્રચાર આરંભ્યો છે.

ધાનેરામા અપક્ષ પાર્ટી દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો

ધાનેરા તા.૩૦

સમગ્ર ગુજરાભરમાં વિધાનસભાના ઉમેદવારો તેમજ તેમના સમર્થકો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરવામા આવી રહ્યો છે ત્યારે ધાનેરા વિધાનસભાની ચુંટણીમાં આ વખતે સર્વ સમાજના ઉમેદવાર માવજીભાઈ દેસાઈના સમર્થનમાં સમગ્ર ઈતર સમાજના લોકો તરફથી દરેક ગામોમાં ખુબજ સારો પ્રતિસાદ મળી રહ્યો હોવાથી માવજીભાઈના સમર્થકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ધાનેરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વશરામભાઈ ગલચર સહિત વિશાળ સમર્થકો સાથે સમગ્ર ધાનેરા શહેરમાં અલગ અલગ વિસ્તારોમા જઈ ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો.ધાનેરા શહેરમાં અપક્ષના ઉમેદવારને જીતાડવા અને માટલાના નિશાન પર ઈવીએમ નું બટન દબાવી માવજીભાઈ દેસાઈને જંગી બહુમતીથી જીતાડવાની અપીલ કરી હતી અને લોકો પણ ઉત્સાહ સાથે માવજીભાઈ દેસાઈને જીતાડવા પ્રચારમાં જોડાઈ સર્વ સમાજના ઉમેદવારના સમર્થનમાં જોડાઈ રહ્યા છે.જેના લીધે કૉંગ્રેસ અને ભાજપના ઉમેદવારો માટે આ વખતે કપરા ચઢાણ જોવા મળી રહયા છે.

ચૂંટણીમાં ગુંથાયેલા વહીવટી તંત્રને વિચારવાનો સમય નથી

જિલ્લાના તળાવોમાં શિયાળાના આરંભે પાણી સૂકાયાં, તળાવો ભરવા આગોતરૂ આયોજન જરૂરી

બાયડ, તા.૩૦

જિલ્લામાં ગાત્રો થીજવી દેતી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો નથી. ત્યારે મોટાભાગના તળાવોમાં શિયાળાના આરંભે પાણી સૂકાઈ રહ્યાં છે. ત્યારે ચૂંટણીમાં ગુંથાયેલા વહીવટી તંત્રએ તળાવો ભરવા આગોતરૂ આયોજન કરવું જરૂરી છે અન્યથા ભરશિયાળે મૂંગા પશુઓ માટે પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થાય તેવી દહેશત પ્રવર્તિ રહી છે.

આ વર્ષે ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો. જેના કારણે જિલ્લાનાં ૧૦૦૦થી વધુ તળાવ છલકાયાં હતાં, કેટલાંક ઓવરફ્લો થયાં હતાં પરંતુ ચોમાસાની વિદાય પછી જિલ્લાના અનેક તળાવોમાંથી પાણી ઓસરવાની શરૂઆત થઈ ત્યારથી ખેડૂતો અને પશુપાલકોએ ચિંતા વ્યક્ત કરી હતી. જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી ઠંડીના આગમનના સંકેત મળી રહ્યા છે. આગામી સપ્તાહમાં ગાત્રો થીજવી દે તેવી ઠંડી પ્રજાને થરથર કંપાવશે. પરંતુ હાલ જિલ્લાના ૧૪ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના મોટાભાગના તળાવોમાંથી પાણી અદ્રશ્ય થઈ રહ્યા છે અને જે રીતે પાણી અદ્રશ્ય થવાની સ્થિતિ વધુ ઝડપી બની છે તે જોતાં ડિસેમ્બરના અંત સુધીમાં જિલ્લાનાં ૭૦ થી ૮૦ ટકા તળાવોમાંથી પાણી અદ્રશ્ય થઈ જાય તેવી સંપૂર્ણ દહેશત સેવાઈ રહી છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ ચૂંટણીની કામગીરી સાથે આગામી સમયમાં મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું સંકટ ઉભું થવાની સંભાવનાને ધ્યાને રાખી તળાવો ભરવા માટે અત્યારથી જ આગોતરૂ આયોજન કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત મોકલવાનો તખ્તો તૈયાર કરવો જોઈએ તેવો જનમત પ્રવર્તિ રહ્યો છે. જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર સહિતના અનેક વિસ્તારોમાં તળાવોમાંથી ઝડપથી પાણી અદ્રશ્ય થઈ રહ્યાનું સામે આવ્યું છે.

હાઈકોર્ટના આદેશનું ઉલ્લંઘન કરતું કેળવણી મંડળ

ખેડબ્રહ્મા હાઈસ્કુલના સસ્પેન્ડ શિક્ષકને હાજર કરવાનો આદેશ, માર્ગદર્શનના બહાના હેઠળ હાજર ન કરાતાં ઉચ્ચ કક્ષાએ ફરિયાદ

બાયડ, તા.૩૦

ખેડબ્રહ્માની શેઠ કે.ટી.હાઈસ્કુલના સસ્પેન્ડેડ શિક્ષકને હાઈકોર્ટ દ્વારા પુન શાળામાં હાજર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે પરંતુ છેલ્લા ૫ મહિનાથી કેળવણી મંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીનું માર્ગદર્શન માગ્યું છે તે બહાના હેઠળ હાજર ન કરતાં ઉચ્ચ કક્ષાએ ફરિયાદ પહોંચી છે. સંભવ છે કે મંડળ સામે કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ લાગી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ખેડબ્રહ્મા કેળવણી મંડળ સંચાલિત શેઠ કે.ટી.હાઈસ્કુલમાં ફરજ બજાવતા શિક્ષક રશ્મિકાન્ત આર. ઉપાધ્યાય સામે છેડતી સહિતની ગંભીર ફરિયાદ થઈ હતી. ત્યારબાદ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જેથી મંડળ દ્વારા કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. મંડળના આ નિર્ણય સામે નારાજ થઈ શિક્ષકે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા જેમાં કોર્ટ દ્વારા મંડળના આ નિર્ણયને ખોટો ઠેરવી નોકરીમાં પુન સ્થાપિત કરવા અને સળંગ નોકરી ગણવાનો હૂકમ કર્યો હતો. કોર્ટમાં ગયેલા શિક્ષક દ્વારા મંડળના પ્રમુખ, મંત્રી અને આચાર્યને ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાની નકલ આપ્યા પછી હાજર થવા ગયા ત્યારે મંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી સાબરકાંઠા પાસે હાજર કરવા અંગે માર્ગદર્શન માંગ્યું છે તેવું કારણ આગળ ધરીને આજિંદન સુધી હાજર ન કરતાં આ મામલો વધુ ગરમાયો છે.

હું અભ્યાસ કર્યા પછી નિર્ણય લઈશ - જિલ્લા શિક્ષણાધિકારી

સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.મીતાબેન ગઢવીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે હું હાઈકોર્ટના આદેશનો અભ્યાસ કરીશ અને ત્યાર પછી નિર્ણય લઈશ. હજુ મેં આદેશનો અભ્યાસ જ કર્યો નથી તેમ જણાવ્યું હતું.

શાળામાં હાજર નહીં કરાય તો સહપરિવાર શિક્ષણ કમિશ્નરની કચેરી આગળ ધરણાં યોજશે

શિક્ષક પરિવાર દ્વારા જણાવાયું છે કે ૨૧ વર્ષ પછી ગુજરાત હાઈકોર્ટે ન્યાય આપ્યો છે અને રશ્મિકાન્ત ઉપાધ્યાયને કે.ટી.હાઈસ્કુલમાં પુન ફરજ ઉપર હાજર નહીં કરાય તો ગાંધીનગર સ્થિત શિક્ષણ કમિશ્નરની કચેરી ખાતે સહપરિવાર ધરણાં યોજશે તેવી ચીમકી આપવામાં આવી છે.

જિલ્લા શિક્ષણાધિકારીના આદેશને અનુસરીશું - પ્રમુખ

શ્રી ખેડબ્રહ્મા કેળવણી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ એસ. જોષીએ જણાવ્યું કે હાઈકોર્ટના આદેશને આધિન અમે જિલ્લા શિક્ષણાધિકારી પાસે કર્મચારીને હાજર કરવા અંગે માર્ગદર્શન માગ્યું છે પરંતુ અમને આદિન સુધી આ અંગે જવાબ મળ્યો નથી. કચેરીના આદેશ પ્રમાણે અમે અનુસરીશું.